ધાનેરા પાલિકાની નોટીસની ઐસી કી તૈસી કરતો જૈન સંઘ

ધાનેરા નગરપાલિકા ના શાંતિ બજાર ખાતે જૈન મંદિર બનાવવામાં આવી રહ્યુ છે. તે મંદિર બનાવવા માટે મંજુરી ન લેવાતા પાલિકામાં અરજી કરવામાં આવી હતી. જેથી પાલિકા દ્વારા નોટીસ પાઠવવા છતાં કામકાજ જોરસોરથી ચાલી રહ્યુ છે. જૈન સંઘ દ્વારા શાંતિ બજારમાં ભવ્ય દેરાસર બનાવવામાં આવી રહ્યુ છે. પરંતુ આ મંદિર બનાવવા માટે નગરપાલિકામાંથી કોઇ પણ પ્રકારની બાંધકામની પરવાનગી મેળવેલ ન હોવાથી જાગ્રુત નાગરીક ની અરજીના આધારે નગરપાલિકા દ્વારા આ કામકાજ બંધ કરાવવા માટે નોટીસ આપવામાં આવી હતી. પરંતુ નગરપાલિકાની નોટીસ આપવા છતાં પણ જૈન સંઘ દ્વારા બાંધકામ ચાલુ રાખતાં ફરી વિવાદ ઉભો થવા પામ્યો છે. અને આ બાબતે જાગ્રુત નાગરીક દ્વારા બનાસકાંઠા કલેકટરને પણ લેખીત રજુઆત કરવામાં આવી છે.

મોડાસા નગરપાલિકાનું ૨૦૧૮-૧૯ વર્ષનું ૬૧.૫૩ કરોડ રૂપિયાનું બજેટ સર્વાનુમતે મંજૂર

અસહ્ય ઝીંકાયેલા પાણી વેરાનો વિરોધ પક્ષે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કર્યો

મોડાસા, તા. ૧૬

મોડાસા નગરપાલિકાનું વર્ષ ૨૦૧૮-૨૦૧૯ નું બજેટ નગરપાલિકાના સભાગૃહમાં બજેટ સામાન્ય સભામાં વિરોધપક્ષના નહિવત વિરોધ વચ્ચે ૬૧.૫૩ કરોડનું બજેટ નગરપાલિકા પ્રમુખે રજુ કરતા સર્વાનુમતે મંજુર કરાયું હતું. સામાન્ય સભા અને બજેટમાં વિપક્ષ દ્વારા ઉગ્ર વિરોધ વંટોળ થવાના એંધાણ વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં બજેટ પસાર થતા સાશકપક્ષ ભાજપના સત્તાધીશો અને પ્રમુખ વનિતાબેને રાહતનો શ્વાસ લીધો હતો.

મોડાસા નગરપાલિકાના સભાગૃહમાં ગુરુવારે સાંજના સુમારે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૮-૧૯નું રૂ. ૬૧૫૩૯૦૫૦૯ બજેટ નગરપાલિકાના પ્રમુખ વનીતાબેન પટેલે નગરપાલિકાના ચીફ ઓફિસર સહીત સાશક પક્ષ અને વિરોધ પક્ષના સદસ્યોની ઉપસ્થિતિમાં રજુ કરતા વિરોધ પક્ષના સામાન્ય વિરોધ બાદ મંજુર કરવામાં આવ્યું હતું. વનીતાબેન પટેલે મોડાસા નગરપાલિકાનું બજેટ સતત ત્રીજીવાર રજુ કરતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા શહેરના વિકાસ માટે જુદી જુદી ગ્રાન્ટ ફાળવવામાં આવતા શહેરનો વિકાસ વેગવંતો બન્યો છે. આ વર્ષે મળેલ ૧૪માં નાણાપંચ મનોરંજન કરની ગ્રાન્ટ, શહેરી વિકાસ ગ્રાન્ટ અને જીલ્લા આયોજન ગ્રાન્ટ જેવી ગ્રાન્ટ મળી રહેતા આગવી ઓળખના કામો, યાત્રાધામ પ્રવાસના કામો, જીલ્લા કક્ષાની ગ્રાન્ટ,૧૫માં નાણાપંચ ગ્રાન્ટના ૧૮ કરોડ મળી કુલ ગ્રાન્ટ ૪૧ કરોડ જેટલી વધારાની ગ્રાન્ટ ૨૦૧૮-૧૯માં મળવા પાત્ર થતી હોવાથી આ ગ્રાન્ટ હેઠળ મોડાસા શહેરમાં માજુમ નદીના કિનારે રિવરપાર્ક, લીમડા તળાવ ડેવલોપમેન્ટ, ઓધારી બ્રિજ વાવ ડેવલોપમેન્ટ જેવા વિકાસના કામો હાથ ધરવામાં આવશે અને બજેટનું આયોજન અને પારદર્શક વહીવટ શહેરના વિકાસ માટે ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવશે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું અને શહેરના વિકાસને વેગવંતો બનાવવા અને શહેરનું આધુનિકરણ તરફ પ્રયાણ કરવામાં સહકાર આપનાર ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ નગર સેવકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે મદદરૂપ થવા અપીલ કરી કરી હતી.

ગુજરાત વિદ્યાપીઠ પાસે આંગડિયા પેઢીના કર્મચારીની કરપીણ હત્યા

આંગડિયા પેઢીના કર્મચારી પાલનપુર જવા એસટીની રાહ જોતા હતા ત્યારે બે બાઇક પર આવેલા ચાર શખ્સોએ પાંચ રાઉન્ડ ફાયરીંગ કરતાં સનસનાટી

અમદાવાદ,તા. ૧૬

અમદાવાદમાં ખુલ્લેઆમ, જાહેરમાં ધોળેદહાડે લૂંટ, ધાડ અને ખૂનની ઘટનાઓ હવે માઝા મૂકી રહી છે, શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ગંભીર અને ચિંતાજનક હદે રીતે કથળી રહી હોવાની પ્રતીતિ આજે શહેરના આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસેના પોશ એરિયામાં જાહેરમાં કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા એક આંગડિયા પેઢીના કર્મચારીઓ દ્વારા પોઇન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કરીને મોતને ઘાટ ઉતારવાની ઘટનાએ કરાવી હતી. આંગડિયા પેઢીના કર્મચારીની ગુજરાત વિદ્યાપીઠ પાસે સત્ય અને અહિંસાના પૂજારી એવા મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે જ મોતને ઘાટ ઉતારી દેવાતાં શહેર સહિત રાજયભરમાં સનસનાટી મચી ગઇ હતી. અવારનવાર આંગડિયા પેઢીના કર્મચારીઓને લુંટારાઓ ભોગ બનાવતા હોય છે અને આજે પણ લૂંટના ઇરાદે બે બાઇક પર આવેલા ચાર અજાણ્યા શખ્સોએ આંગડિયા પેઢીના કર્મચારીને ફાયરીંગ કરી મોતને ઘાટ ઉતારી તેની પાસેથી રૂ.૫.૧૦ લાખ ભરેલો થેલો ઝુંટવી ફરાર થઇ ગયા હતા.

આ સમગ્ર ઘટનાએ શહેર પોલીસ તંત્ર સહિત આંગડિયા પેઢીઓને હચમચાવી નાંખ્યા હતા. ઘટનાની ગંભીરતા ધ્યાને લઇ પોલીસ અને ક્રાઇમબ્રાંચના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સમગ્ર મામલામાં ઝીણવટભરી સઘન તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરની રતનપોળમાં આવેલી પટેલ અંબાલાલ હરગોવિંદદાસ આંગડિયા પેઢીમાં કામ કરતા કર્મચારી અરવિંદભાઇ પટેલ(ઉ.વ.૫૦) આજે વહેલી સવારે ૭-૦૦ વાગ્યાની આસપાસ આંગડિયાનો થેલો લઇ મહેસાણા-પાલનપુર જવા માટે નીકળ્યા હતા ત્યારે આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસે મહેસાણા-પાલનપુર જવાના એસટી બસ સ્ટેન્ડ નજીક ઉભા હતા. અરવિંદભાઇ એસટી બસની રાહ જોઇને ઉભા હતા ત્યારે અચાનક જ બે બાઇક પર હેલ્મેટ પહેરીને આવેલા ચાર અજાણ્યા શખ્સોએ પહેલા હવામાં બે રાઉન્ડ ફાયરીંગ કરી અરવિંદભાઇ પાસેથી થેલો ઝુંટવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ અરવિંદભાઇએ હાથમાં થેલો છોડયો ન હતો, તેથી ઉશ્કેરાયેલા લૂંટારુ શખ્સોએ તેમની પાસેના રિવોલ્વર જેવા હથિયારમાંથી તેમના પર પોઇન્ટ બ્લેન્ક રેજન્થી ફાયરીંગ કર્યું હતું. એક પછી એક એમ ત્રણ ગોળીઓ ધરબાઇ જતાં અરવિંદભાઇ ત્યાં જ લોહીલુહાણ હાલતમાં ફસડાઇ પડયા હતા અને લુંટારાઓ રૂ.૫.૧૦ની રોકડ ભરેલો થેલો ઝુંટવી નાસી છૂટયા હતા.

જાહેરમાં ધોળેદહાડે લૂંટ, ફાયરીંગ અને મર્ડરની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં જબરદસ્ત સનસનાટી મચી ગઇ હતી. ઘટનાની જાણ થતાં વાડજ પોલીસ, ક્રાઇમબ્રાંચના અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર બનાવ અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ડર અને ભયનું વાતાવરણ છવાઇ ગયું હતું. તો, ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

ભારતીય ડાક વિભાગનો અનોખો અભિગમ

લગ્ન અને જન્મદિનની ઉજવણીના સંભારણા રૂપે ફોટાવાળી ટપાલ ટીકીટ બનાવી શકાશે

હિંમતનગર, તા. ૧૬

મોબાઈલ અને ઈન્ટરનેટના જમાનામાં લોકો પોતાના પ્રસંગને યાદગાર બનાવવા ફોટાને ખુબજ મહત્વ આપે છે ત્યારે તેમાં ખાસ કરીને મોબાઈલના માધ્યમથી સેલ્ફી લેવાનો ટ્રેન્ડ યુવા પેઢીને ઘેલુ લગાડી રહ્યો છે. ત્યારે ભારતીય ડાક વિભાગે દેશના કોઈપણ વ્યક્તિના લગ્ન, જન્મ દિવસની ઉજવણીને સંભારણા રૂપે યાદગાર બનાવવાના આશયથી અનોખો અભિગમ અપનાવીને મામુલી કિંમતમાં ૧૨ ટીકીટ બનાવી આપવાની યોજના અમલી બનાવી છે.

આ અંગે ભારતીય ડાક વિભાગના હિંમતનગર સ્થિત જનરલ પોસ્ટ ઓફીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ દરેક વ્યક્તિ પોતાના જન્મ દિવસ, લગ્ન દિવસ તથા લગ્નની એનિવર્સરીને યાદગાર બનાવવા માટે નવા નવા વિચારો કરીને સંભારણા રૂપે પોતાના પરિચીતોને મોકલી આપે છે ત્યારે ભારતીય ડાક વિભાગની હિંમતનગર હેડ પોસ્ટ ઓફીસ દ્વારા માય સ્ટેમ્પ નામની યોજના બનાવીને કોઈપણ વ્યક્તિને જન્મ દિવસની કે લગ્નની એનિવર્સરી પર પોતાના ફોટાવાળી રૂ.૩૦૦માં ૧૨ ટપાલ ટીકીટ બનાવીને વિશ્વમાં મોકલી શકાશે.

આ ટાપલ ટીકીટમાં જે તે વ્યક્તિના ફોટા છાપવામાં આવશે. ભારતીય ડાક વિભાગના આ નવા અભિગમને ખાસ કરીને આજની યુવા પેઢી આવકારી લેશે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે.

નસુરાની બુટાલ ગ્રામ પંચાયતના સરપંચ ૩ હજારની લાંચ લેતા ઝડપાયા

ધનસુરાના બુટાલ ગામના સરપંચ ૩ હજારની લાંચ લેતા ઝડપાતા ચકચાર મચી હતી. સાબરકાંઠા એસીબી ટીમે સફળ છટકું ગોઠવીને બુટાલના સરપંચને ૩ હજારની લાંચ લેતા ઝડપ્યા હતા. બુટાલના સરપંચ દિપક બુટાલાને ૩ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપ્યા હતા. ફરિયાદીએ ધનસુરાથી હરસોલ હાઈ વે રોડની બાજુમાં બુટાલ બસ સ્ટેન્ડ નજીક એક માસ અગાઉ જય ભૈરવનાથ નામની બે હાથ લારી તથા એક લોખંડના કેબીનથી હોટલ શરૂ કરેલ. જેમાં આ કામના આરોપી સરપંચે હોટલ ચલાવવા માટે રૂ ૩૦૦૦-ની માંગણી કરેલ જેની ફરિયાદીએ ફરિયાદ કરતા સાબરકાંઠા એસીબીના ટ્રેપિંગ અધિકારી પો.ઈન્સ્પેકટર. બી.જે.ચૌધરીએ ટીમ સાથે ટ્રેપનું આયોજન કર્યું હતું. ફરિયાદી પાસેથી આરોપીએ રૂ ૩૦૦૦- સ્વીકારતા પકડાઈ બુટાલથી ઝડપી પાડ્યા હતા.

આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળાના સૌજન્યથી આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, મુખ્ય મહેમાન દિવ્યાબેન અરોરા (નેશનલ ડાયરેકટર એએફએસ ઈન્ટરકલ્ચરલ પ્રોગ્રામ), અતિથિ વિશેષ ગાર્ગીબેન રાજપરા (ઈન્ચાર્જ ડાયરેકટર કડી સર્વ વિશ્વ વિદ્યાલય), ડૉ. વીણાબેન, કૌશલ્યાબેન, સર્વે આચાર્ય બહેનો અને શિક્ષિકા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી આર.જી. કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ. માધ્યમિક વિભાગની તમામ શિક્ષિકા બહેનોએ વિવિધ રમતોની હરિફાઈમાં ભાગ લીધો હતો. આ સિવાય ગ્રુપ ડાન્સ પણ રજુ કરાયો હતો.

દંતોડમાં બાળકને મારવાના ઝગડામાં વચ્ચે પડેલા પિતાનું પુત્રએ ઢીમ ઢાળી દીધુ

હિંમતનગર, તા. ૧૬

વિજયનગર તાલુકાના દંતોડ ગામે બુધવારે પોતાના પુત્રને માર મારવાના ઝગડામાં વચ્ચે પડેલા દાદા પર પુત્રએ ઉશ્કેરાઈ જઈ લાકડાથી માથામાં ઈજા પહોંચાડી મોત નિપજાવી દીધુ હતુ જે અંગે બાળકની માતાએ પતિ વિરૂદ્ધ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

ગાંધી ૧૦૦ ● યોથા પાનાનું ચાલું...

અને પરિવારના સંબંધો ઉપર ઘેરી અસર થઈ હતી આ પછી તેઓ પરિવાર પાસે માત્ર આફતના અવસરોએ જ ઉપસ્થિત થઈ જતા.'

સમાજની દૃષ્ટિએ બાપુના એક નંબરના વિદ્રોહી અને તેમ છતાં પરિવાર વત્સલતામાં શ્રેષ્ઠ એવા હરિલાલભાઈને જેટલા ચિતરવામાં આવ્યા છે એટલા નિંદિત પાત્રએ હતા નહીં એમ તેમના નાનાભાઈ દેવદાસ ગાંધીના હરિલાલભાઈ ઉપરના લેખમાં ચ્રૂર વિગતો મળે છે. અને વાંક દેખાઓ હરિલાલ ગાંધીને આગળ ધરીને મહાત્મા ગાંધીનો અને ગાંધી વિચારનો વિરોધ કરે છે એ કેવો પાંગળો અને વાહિયાત છે એ પણ સમજાય છે. હરિલાલ ગાંધી વિશે વધુ વિગતો આગામી અંકમાં જોઈશું.

પુસ્તક સંદર્ભ : 'બા, બાપુ ઓર ભાઈ,' લેખક : દેવદાસ ગાંધી સસ્તા સાહિત્ય મંડલ પ્રકાશન, દિલ્હી, ૧૯૫૬

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

છેડો ફાડ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટી પોલિટબ્યુટો દ્વારા સર્વસંમતિ સાથે આ નિર્ણય કરવામાં આવ્યો છે. ભાજપ લોકસભામાં ૨૭૫ સાંસદો ધરાવે છે. જેમાં બે નોમિનેટેડ સભ્યોનો સમાવેશ થાય છે. ગઈકાલે આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન દ્વારા અવિશ્વાસ દરખાસ્તને ટેકો આપવાની જાહેરાત કરી હતી.

સમીકરણની વાત કરવામાં આવે તો ભાજપના હાલમાં ૨૭૪ સભ્યો છે. સાથી પક્ષોના ૫૬ સભ્યો છે. જ્યારે બહુમતિનો આંકડો ૨૭૨નો છે. આવી સ્થિતીમાં ભાજપ પોતાની તાકાત પર સરકારમાં રહેશે. જેથી જો અવિશ્વાસની દરખાસ્તને મંજુરી આપવામાં આવે તો પણ તે ચોક્કસપણે પડી જશે. પરંતુ આંધ્રપ્રદેશના મામલે કેન્દ્ર સરકારને મુશ્કેલ સ્થિતીમાં મુકી શકે છે. વિપક્ષ સમક્ષ સમર્થનની માંગ કરવામાં આવી ચુકી છે. અવિશ્વાસની દરખાસ્ત બાદ મોદી સરકાર સામે બીજા પડકારો ઉભા થઈ શકે છે. કારણ કે, બિહાર અને ઓરિસ્સા જેવા રાજ્યોમાં આવી માંગણી કરી શકે છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પહેલા મોદી સરકારને ઘેરવા માટે વિરોધ પક્ષો હવે આક્રમક નિતી બનાવી રહ્યા છે. શિવ સેના પણ હાલમાં નારાજ છે. બિહારના ઉપેન્દ્ર કુશવાહના નેતૃત્વમાં આરએલએસપીના સભ્યો પણ નારાજ હોવાની વિગત મળી રહી છે. જીતનરામ માંઝી પહેલાથી જ એનડીએ સાથે છેડો ફાડીને આરજેડીના નેતૃત્વમાં મહાગઠબંધનમાં સામેલ થઈ ચુક્યા છે.પોલિટ બ્યુરોની બેઠકમાં ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડવાનો નિર્ણય કર્યો હતો. આંધ્રપ્રદેશમાં ભાજપને હવે એક હરીફ પાર્ટી સામે મેદાનમાં ઉતરવું પડશે. ટીડીપીને ભાજપના વિશ્વસનીય સાથી પક્ષ તરીકે ગણવામાં આવતો હતો. એનડીએ ઘટકોમાં ટીડીપી મોટા ઘટક પક્ષ તરીકે હમેશા રહી છે. આંધ્રને ખાસ દરજ્જો આપવાને લઈને આ વિવાદ ઉભો થયો છે. ૨૧મી માર્ચની આસપાસ અવિશ્વાસ દરખાસ્ત લાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

હિતમાં નિર્ણય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યા હતા. ૨૯ વખત દિલ્હી ગયા હતા. અનેક વખત પ્રશ્નો કર્યા હતા. કેન્દ્રનું આ અંતિમ બજેટ હતું. અહીં આંધ્રપ્રદેશ માટે કોઈ મોટી જાહેરાત પણ કરવામાં આવી ન હતી જેથી પ્રધાનોને પાછા બોલાવી લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારના વચનો હજુ પુરા થયા નથી. જો ખાસ દરજ્જાને લોકસભાના અધિનિયમમાં સામેલ કરવામાં આવ્યો હોત તો આ સ્થિતિ ઉભી થઈ ન હોત. ટીડીપીએ અનેક સંકટોનો સામનો કર્યો છે. અમે આ સ્થિતિમાંથી પણ બહાર આવીશું. વડાપ્રધાનને પત્ર લખ્યો હતો પરંતુ કોઈ જવાબ મળ્યા નથી. તેમણે ઉમેર્યું હતું કે, અરુણ જેટલીએ ભાવનાઓ સાથે રમત રમી હતી. અરુણ જેટલીએ લાપરવાહીપૂર્વકના નિવેદન કર્યા હતા. ભાવનાઓમાં ખુબ તાકાત હોય છે. અમે અન્યાય કરવાની સ્થિતિમાં ન હતા.

અવિશ્વાસ પ્રસ્તાવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી શકે છે. ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ આ પક્ષોએ આજે તેમના નિર્ણયની જાહેરાત કરી હતી. લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત લાવવાની ટીડીપીની યોજના હતી પરંતુ સ્પીકરે સોમવાર સુધી ગૃહને મોકૂફ કરી દીધું છે. કેટલાક વિરોધ પક્ષોનો ટેકો મળી રહ્યો છે. આનો મતલબ એમ થયો કે, અવિશ્વાસની દરખાસ્ત માટે જરૂરી સભ્યો મળી ગયા છે. ગૃહમાં સંસદમાં ઓછામાં ઓછા ૫૦ સભ્યો હોવાની સ્થિતિમાં અવિશ્વાસની દરખાસ્ત સ્વીકારવામાં આવે છે. એનડીએની સરકારની અવધિ દરમિયાન પ્રથમ દરખાસ્ત લાવવામાં આવનાર છે. લોકસભામાં કોંગ્રેસના ૪૮ સાંસદો છે. અન્નાદ્રમુકના ૩૭, ટીડીપીના ૧૬, વાયએસઆર કોંગ્રેસ અને સીપીએમના ૯-૯ સભ્યો રહેલા છે. એઆઈએમઆઈએમ એક સાંસદ ધરાવે છે. સીપીએમના નેતા સીતારામ યેચુરીએ આજે કહ્યું હતું કે, સીપીએમ અવિશ્વાસ દરખાસ્તને ટેકો આપશે. કારણ કે આંધ્રપ્રદેશ માટે ખાસ દરજ્જાનું વચન પાળવામાં આવ્યું નથી. ઓવૈસીએ કહ્યું છે કે કેટલાક કારણોસર તેમની પાર્ટી પણ ટેકો આપશે. આ પાર્ટી લોકસભામાં પોતાની રજૂઆત કરવા ઈચ્છુક છે. જો કે, ભાજપ આને લઈને કોઈપણ પ્રકારથી ચિંતિત નથી. મોદી સરકાર સામે ૨૧મીના દિવસે દરખાસ્ત લાવવામાં આવે તેવી શક્યતા છે. મોટાભાગના વિરોધ પક્ષો દરખાસ્તને લઈને આગળ આવી રહ્યા છે ત્યારે હવે આની ક્રેડિટને લઈને લડાઈ શરૂ થઈ ગઈ છે. આ દરખાસ્ત ક્યારે લવાશે તેને લઈને સસ્પેન્સ છે પરંતુ સોમવારના દિવસે આ દરખાસ્ત લાવવામાં આવી શકે છે. આ દરખાસ્ત કોણે લાવી તેને લઈને ક્રેડિટ લેવાની લડાઈ પણ શરૂ થઈ છે.

સૌની નજર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતી રહી છે. શિવસેના તરફથી અવિશ્વાસ દરખાસ્તના મુદ્દે ઉદ્ધવ ઠાકરેની બેઠક ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. શિવસેના મોદી સરકારથી ખુબ લાંબા સમયથી નાખુશ છે. શિવસેનાએ ૨૦૧૯માં મહારાષ્ટ્ર અને લોકસભાની ચૂંટણી એકલા હાથ લડવાની જાહેરાત પહેલાથી જ કરી દીધી છે. આવી સ્થિતિમાં અવિશ્વાસ દરખાસ્ત પર નિર્ણય પર તમામની નજર રહેશે. લોકસભામાં શિવસેનાના ૧૮ સાંસદો છે. અકાળીદળ અને ભાજપમાં પણ ખેંચતાણ હોવા છતાં આને લઈને બંને પક્ષો સાથે છે. અકાળી દળે તો આજે જ જાહેરાત કરી હતી કે, તે એનડીએ સાથે મક્કમરીતે છે. અકાળી દળના ચાર સાંસદો છે. જો આ બંને પક્ષો પણ અવિશ્વાસ પ્રસ્તાવની તરફેણ કરે છે તો સત્તારુઢ ભાજપ સામે કોઈ તકલીફ થશે નહીં. તમામ સાથી પક્ષો ભાજપનો સાથ છોડે તો પણ ભાજપ સામે કોઈ તકલીફ દેખાઈ રહી નથી. અવિશ્વાસ પ્રસ્તાવ આવવાની સ્થિતિમાં સરકાર સામે કોઈ ખતરો નથી. લોકસભામાં ભાજપ પાસે હાલમાં ૨૭૩ સભ્યો છે. લોકસભામાં ફુલબેંચની સ્થિતિમાં બહુમતિ માટે ૨૭૨ સાંસદોનો આંકડો હોવો જોઈએ. આવી સ્થિતિમાં ભાજપ એકલા હાથે જ બહુમતિ મેળવી જશે.

આદિવાસી સમાજમાં રોષ... ● ત્રીજા પાનાનું ચાલુ

બંધારણની જોગવાઈ મુજબ આ સમાજને અનુસૂચિત જનજાતિ તરીકેના લાભો પ્રાપ્ત થાય છે. કેટલાક બિન આદિવાસી નાગરીકો દ્વારા મોટાપાયે એસ.ટી.જાતિ અંગેના ખોટા પ્રમાણપત્રો મેળવી રહ્યા છે. કેટલાક નાગરીકો અનામતમાં આવતા ન હોવા છતા આવા ખોટા પ્રમાણપત્રો પરથી શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ, સરકારી નોકરીઓ અને ચુંટણીઓમાં એસ.ટી. બેઠકો માટેના અધિકારો મેળવે છે. જેને પગલે રાજયના સમગ્ર આદિવાસી સમાજના નાગરીકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. મોટાપાયે ઉભી થયેલી આ ગેર વ્યવસ્થા દુર થાય અને આદિવાસી સમાજના બંધારણીય હક્કોનું રક્ષણ થાય તે માટે આ પ્રમાણપત્રોને લગતો કડક કાયદો લાવવો અતિ જરૂરી છે. આદિવાસી સમાજના અધિકારોનું રક્ષણ કરવુ તે સરકારની પ્રાથમિક ફરજ છે. આથી વહેલીતકે વિધાનસભામાંથી જાતિના પ્રમાણપત્રો આપવા અંગેનો કાયદો પસાર થાય અને અમારા આદિવાસી સમાજને ન્યાય મળે તેવી લાગણી અને માંગણી છે.

તે પ્રસંગે સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ રાજુભાઈ વલવાઈએ જણાવ્યું હતુ કે આદિવાસી સમાજના ખોટા સર્ટીફિકેટ દર્શાવી જે નાગરીકોએ નોકરી મેળવી છે તેઓને છુટા કરી દેવા જોઈએ. તેમજ સરકાર દ્વારા આ સત્રમાં કાયદો લાવવો જોઈએ અને સરકાર આ સત્રમાં કાયદો નહીં લાવે અને અમારી માંગ નહીં સંતોષે તો આવનારા સમયમાં ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં સરકારના કોઈ મંત્રીને ઘુસવા દેવામાં આવશે નહીં અને સરકારનો કોઈ કાર્યક્રમ કરવા દેવામાં આવશે નહીં તેવી ચિમકી ઉચ્ચારી છે. જયારે બીજા પડતર પ્રશ્નોમાં આદિવાસી અધિકારોના અટકેલા પ્રમોશનો તાત્કાલીક કરવા, તેમજ બેકલોગની ભરતી કરવામાં આવે, જળ,જંગલ અને જમીન ખાણ-ખનીજના તમામ હકો આદિવાસીઓને મળવા જોઈએ, આદિવાસી વિસ્તારની તમામ શૈક્ષણીક સંસ્થાઓ , પંચાયતો ટ્રાયબલ સબપ્લાન, કચેરીઓમાં પુરા પગાર સાથે તમામ ખાલી જગ્યાઓ ૩ મહિનામાં ભરવામાં આવે,સહિતના પ્રશ્નનો પણ ઝડપી ઉકેલ આવે તે માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે. આ બેઠકમાં ડો. પ્રદિપ ગરાસીયા, પી.એમ.કટારા, ગોંવિદભાઈ ગામીત, અરૂણા ચૌધરી, મહેન્દ્ર મોડીયા સહિત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

ગુણોત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીના નામ તેમજ યુનિક આઈ.ડી. સાથેની સીટ દરેક શાળાએ પહોંચતી કરવામાં આવશે. ધો. ૬ થી ૮માં બીજા સત્રના અભ્યાસક્રમને આધારે ગુણોત્સવના મૂલ્યાંકન માટેની પ્રશ્ન બેંક તૈયાર કરી દેવામાં આવશે. આ ગુણોત્સવ બે દિવસનો જ હોવાથી જિલ્લાના પદાધિકારી અને અધિકારીઓને પણ જવાબદારી સોંપવામાં આવશે એટલુ જ નહિ આ માટે જિલ્લા કલેક્ટર સાથે સતત સંપર્કમાં રહી યાદી અને રૂટ તૈયાર કરવાના રહેશે. રાષ્ટ્રીય સ્તરે ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર કથળ્યુ હોવાના અહેવાલને પગલે સરકારે ઉતાવળે આ વર્ષે પણ ગુણત્સવનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.

સરકારે પહેલીવાર શિક્ષકોને ગ્રેડીંગ માટે પણ તૈયાર રહેવાનું સ્પષ્ટ જણાવી દીધુ છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણક્ષેત્રે આગામી દિવસોમાં ગુણાત્મક સુધારની સાથે સાથે વ્યુહાત્મક રીતે અભ્યાસક્રમ સહિતની નીતિઓમાં ફેરફાર કરવા માટેનું મન બનાવી લીધુ હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહનોને નંબર પ્લેટ લગાવવાનો વાહન દીઠ કેટલો ચાર્જ વસુલવામાં આવે છે ? કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે વાહનવ્યવહાર મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ આર ટી ઓ કચેરીમાં તા ૨૬ મેં વર્ષ ૨૦૧૨ થી એચ એસ આર પી નંબર પ્લેટ લગાવવા માટે એચ એસ આર પી સોલ્યુશન્સ પી વી ટી એલ ટી ડી ને કામ સોંપવામાં આવ્યુ છે. જયારે ૧૦ નવેમ્બર ૨૦૧૧ ના વર્ષથી એચ એસ આર પી નંબર પ્લેટના અમલીકરણની શરૂઆત થઈ છે. જેમાં બે પૈડાના વાહનોને નંબર પ્લેટ લગાવવા માટે રૂ ૧૪૦, ત્રણ પૈડા માટે ૧૮૦ ચાર પૈડા માટે ૪૦૦ અને ચાર પૈડાના ભારે વાહનો માટે ૪૨૦ રૂપિયા વસુલવામાં આવે છે.

● એક વર્ષમાં ૧૪૩૨ ટન મેટ્રીક ટન ખાંડનુ રાહતદરે વિતરણ

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનુ વિતરણ કરવામાં આવ્યુ? દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના પ્રશ્ન સંદર્ભે અન્ન નાગરિક પુરવઠા મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં૧૪૩૨.૭૦ મેટ્રીક ટન ખાંડ અને ૬૩૯.૯૯ આયોડીનયુક્ત મીઠાનુ વિતરણ કરવામાં આવ્યુ છે.

● જિલ્લામાં ૨૩ પશુદવાખાના અને 3 મોબાઇલ ડીસ્પેન્સરી

ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુ દવાખાના , બ્રાન્ચ પશુદવાખાના અને મોબાઈલ ડિસ્પેન્સરી કાર્યરત છે ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં પશુપાલનમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૩ પશુ દવાખાના ઉપલબ્ધ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૫ માણસામાં ૬ કલોલમાં ૬ અને દહેગામમાં ૬ દવાખાના છે. જયારે ૩ મોબાઈલ પશુ દવાખાના કાર્યરત છે. જેમાં કલોલમાં એક પણ પશુદવાખાનુ નથી. નવા પશુદવાખાના કરવા માટે કલોલ અને ગાંધીનગર તાલુકામાંથી એક પણ માંગણી આવી નથી.

પાયલોટ પ્રોજેક્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં સ્વચ્છતા અભિયાનમાં ગામના જે ૧૦ યુવાનો જોડાઈ રહ્યા છે તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતુ તેમજ ગામ માટે બનાવાયેલ સ્વચ્છતા સોંગનું પણ લોકાર્પણ કરવામાં આવ્